
# પ્રકરણ ૬
# રિયાની મુસાફરી



રિયા અને તેની સખી જીયા ખૂબ જ ઉત્સાહિત હતાં. તેઓ ટ્રેનની મુસાફરીથી વાપી જવાનાં હતાં. વૅકેશન હોવાથી રિયા તેના મામાના ઘરે જતી હતી અને જીયા કુટુંબ સાથે દમણ ફરવા જવાની હતી.

બંને કુટુંબને સાથે જવાનું નક્કી થતાં રિયાના પિતા બંને કુટુંબ માટે પંદર દિવસ પહેલાં જ રેલવેની ટિકિટનું બુકિંગ કરાવી આવ્યા હતાં.

તેમની મુસાફરીના માત્ર બે જ દિવસ બાકી હતા ત્યાં જીયા ખૂબ જ બીમાર થઈ. ડૉક્ટરે તેને આરામ કરવા કહ્યું હતું. તેથી જીયાના કુટુંબે તેમની ટિકિટ રદ કરાવવી પડી. બંને સખીઓ ખૂબ દુ:ખી હતી. કારણ કે તેઓએ મુસાફરી વખતે શું કરશે તેના કેટલાક આયોજન કર્યાં હતાં. પણ જીયાનું જવાનું બંધ રહેતાં રિયા નિરાશ થઈ હતી.

જીયાએ કહ્યું મને એક યુક્તિ સૂઝે છે. તેણે રિયાને કહ્યું તું નિરાશ ના થઈશ તું તારી મુસાફરી વિશે બધું એક ડાયરીમાં લખજે અને મોબાઈલમાં ફોટા અને વીડિયો પણ લેજે. તું જ્યારે પાછી આવીશ ત્યારે હું તારી ડાયરી વાંચીશ તથા ફોટા અને વીડિયો પણ જોઈશ.

રિયા તેના ઘરે ગઈ. એક નોટબુક અને પેન શોધીને તેના થેલામાં મૂકી.

## વિચારો અને લખો :

- તમે કયા કયા વાહનોમાં મુસાફરી કરી છે ?

  ______________________________

  ______________________________

- બીમાર અવસ્થામાં જીયાએ મુસાફરી કરી હોત તો શું મુશ્કેલી પડત ?


  ______________________________

  ______________________________



- ## રિયાની ડાયરી

**૨૮ મે**




૨૦:૫૫



આજે પૂનમનો દિવસ હતો. અમે સાંજનું ભોજન કરીને રિક્ષામાં બેસી ગાંધીધામ રેલવે સ્ટેશને પહોંચ્યા. થોડીક વારમાં ટ્રેન પ્લેટફોર્મ પર આવીને ઊભી રહી અમે જોયું તો ટ્રેનમાં મુસાફરો બેઠેલા હતા. ટ્રેન સાંજના ૭ : ૫૦ કલાકે કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજથી ચાલી હતી. અમારી ટ્રેનનું નામ 'કચ્છ એક્સપ્રેસ' હતું.

જ્યારે અમે અમારા ડબ્બા પાસે ગયા ત્યારે ખૂબ જ મૂંઝવણ હતી. એક જ દરવાજેથી મુસાફરો ઉતરતા હતા અને બીજા પોતાનો સામાન અંદર મૂકીને ચડતા હતા. થોડું ધક્કા-મુક્કી જેવું જણાતાં પપ્પાએ કહ્યું, ''ટ્રેન અહીંયા પંદર-વીસ મિનિટ ઊભી રહેશે એટલે આપણે શાંતિથી ચઢીએ. ઉતાવળ કરશો નહીં.''

અમે અમારા ડબ્બામાં આવી અમારી બેઠક શોધી સામાન યોગ્ય જગ્યાએ ગોઠવીને બેઠાં. સમય થતાં ટ્રેન ઉપડી ત્યાં સુધીમાં મોટાભાગના મુસાફરો પોતાની બેઠક શોધીને બેઠા. મને અને મમ્મીને બારી પાસે બેઠક મળી હતી. પપ્પા અને હિમાક્ષને વચ્ચેની બેઠક મળી હતી. અમારી સાથે બીજું એક કુટુંબ પણ ડબ્બામાં હતું. તે આગળના સ્ટેશનેથી બેઠા હોય તેવું લાગ્યું. તેમની સાથે અમારી ઉંમરનાં બે બાળકો પણ હતા. તેમને બે બેઠક ઉપરની અને બે બેઠક બાજુમાં ઉપર-નીચે મળી હતી.



**શિક્ષક માટે :** શિક્ષકે જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓને મુસાફરી વખતે રાખવાની સાવચેતી અને ટિકિટનું મહત્ત્વ સમજાવવું.

થોડા સમય પછી ટિકિટ તપાસવા ટિકિટ ચેકર આવ્યા. તેમણે અમારી ટિકિટ ચકાસીને ખાત્રી કરી કે અમે અમારી યોગ્ય બેઠક પર બેઠા છીએ કે નહીં.



- રિયાના પપ્પાએ ટ્રેનના ડબ્બામાં શાંતિથી ચઢવાનું કેમ કહ્યું હશે ?

- તમે મુસાફરી વખતે ટિકિટ તપાસનારને કેવી રીતે ઓળખશો ?

- ટિકિટ તપાસનાર ટિકિટમાં કઈ વિગતો તપાસીને ખાત્રી કરે છે તે તમારા શિક્ષક પાસેથી જાણો.

૨૨:૧૫






અમારી ટ્રેન એકાદ કલાક ચાલી હશે ત્યાં સ્ટેશન આવ્યું અને ટ્રેન ઊભી રહી. મેં બારીમાંથી જોયું તો ત્યાં સામખિયાળી જંકશન લખેલું હતું. મેં પપ્પાને પૂછયું આ સ્ટેશનના

નામની પાછળ જંકશન કેમ લખેલું છે ? પપ્પાએ મને સમજાવ્યું કે, જે રેલવે સ્ટેશનથી આગળ જવા માટે બે કે તેથી વધારે રેલવેમાર્ગ છૂટા પડતા હોય તેવા રેલવે સ્ટેશનને 'જંકશન' કહેવાય છે. આ સ્ટેશનથી બે રેલવેમાર્ગ છૂટા પડે છે. આપણી ટ્રેન જે માર્ગ પરથી જવાની છે તે અમદાવાદ તરફનો માર્ગ અને બીજો માર્ગ પાલનપુર તરફ જશે.

બે ત્રણ મિનિટ પછી ટ્રેન ઊપડી. આગળ બે માર્ગ છૂટા પડતા હતા તે પપ્પાએ મને બારીમાંથી બતાવ્યું.



ત્યાંથી અમારી ટ્રેન થોડી આગળ નીકળી. મારી નજર બારી બહાર જ હતી. પૂનમના ચંદ્રમાના પ્રકાશમાં ખુલ્લા મેદાનમાં સફેદ ચાદર પાથરી હોય તેવું દૂર દૂર સુધી દેખાતું હતું. પપ્પાએ મને કહ્યું કે આ કચ્છનું નાનું રણ છે અને જે સફેદ ચાદર જેવું દેખાય છે તે જમીન ઉપર જામેલા મીઠાનો થર છે. આ વિસ્તારમાં અગરિયાઓ મીઠાના અગર બનાવીને મીઠું પકવે છે. ત્યાં તો મીઠાના મોટા-મોટા ઢગલા પણ જોવા મળ્યા.



ટ્રેન ઝડપથી આગળ ચાલતી હતી. થોડેક દૂર ચંદ્રમાના આછા પ્રકાશમાં પુલ જેવું દેખાતું હતું. તેના પરથી વાહનોની લાઈટો દેખાતી હતી. અમારી ટ્રેન તે સમયે પુલ પરથી પસાર થઈ રહી હતી. મેં પપ્પાને પૂછ્યું કે આ કયો પુલ છે ? તેમણે કહ્યું આ 'સૂરજબારી પુલ છે.' જેને કચ્છનું પ્રવેશ દ્વાર પણ



**શિક્ષક માટે :** વિદ્યાર્થીઓને રેલવે જંકશન તેમજ રણ તથા મીઠાની ખેતી બાબતે વધુ માહિતી સમજાવવી.

કહેવામાં આવે છે. તેમણે તે પણ કહ્યું કે, જ્યારે આ પુલ ન હતો ત્યારે અમદાવાદ તરફ જતી બધી જ ટ્રેનો પાલનપુર થઈને અમદાવાદ જતી, જેમાં ખૂબ સમય જતો.

મેં તરત પપ્પાને પૂછયું, ''આગળ આપણે જે બે રેલમાર્ગ જુદા પડતા જોયા તેમાં પાલનપુર તરફનો માર્ગ હતો ત્યાંથી જ ને !'' પપ્પાએ કહ્યું, ''હા, ત્યાંથી ટ્રેન જતી હતી.''

રાત્રિના અગિયાર વાગ્યા એટલે પપ્પાએ સૂઈ જવા કહ્યું. મમ્મીએ અમને અમારી બેઠક પર ચાદર પાથરી આપી. ડબ્બામાં બીજા મુસાફરો પણ ઊંઘવાની તૈયારી કરતા હતા. ટ્રેનમાં ટોયલેટની સગવડ પણ હતી. હું મમ્મી સાથે ટોયલેટ જઈ આવી અને સૂઈ ગઈ.

- તમે ક્યારેય ટ્રેનની મુસાફરી કરી છે ? જો હા, તો ક્યાંથી ક્યાં સુધી ?

- ટ્રેનમાં કઈ કઈ સગવડો હોય છે ? તે વિગતે લખો.



મેં ઊંઘવા પ્રયત્ન કર્યો પણ ટ્રેનના અવાજમાં ઊંઘ આવતી ન હતી. અમારા ડબ્બામાં બીજું કુટુંબ હતું. તેમાં મારી ઉંમરની છોકરી હતી. તેને પણ મારી જેમ ઊંઘ આવતી ન હતી. અમે બંનેએ થોડી વાતો કરી. તેનું નામ ફિયોના હતું. તેની પાસે થોડી વાર્તાની ચોપડીઓ હતી. મેં પણ તેની પાસેથી એક

**શિક્ષક માટે :** ટ્રેનમાં કઈ કઈ સગવડો હોય છે તેની જાણકારી અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજ વિદ્યાર્થીઓને આપવી.

ચોપડી લઈ વાંચવાનું ચાલુ કર્યું. વાંચતાં-વાંચતાં મને ક્યારે ઊંઘ આવી ગઈ તેની ખબર જ ના પડી.



અચાનક મારી આંખ ઊઘડી ગઈ. બારીમાંથી બહારની લાઈટનો પ્રકાશ આવતો હતો. મેં બેઠા થઈને બારીમાંથી જોયું તો કોઈ મોટું શહેર આવ્યું હોય તેવું લાગતું હતું. ટ્રેન પસાર થઈ રહી હતી. ચારેબાજુ રોશનીથી શહેર સુંદર લાગતું હતું. આવું સુંદર દશ્ય મેં મારા ગાંધીધામમાં ક્યારેય જોયું નથી. ચારેબાજુ બહુમાળી મકાનો અને સૂમસામ વાતાવરણમાં ટ્રેન સડકમાર્ગના પુલો નીચેથી, તો ક્યાંક ફાટકવાળા માર્ગ વચ્ચેથી પસાર થઈ રહી હતી. મમ્મીનો મોબાઈલ લઈ મેં રાત્રિના આ સુંદર દશ્યોના ફોટા અને વીડિયો લીધા. જે જોવાની ખૂબ મજા આવશે.



૦૨:૩૦


અમારી ટ્રેન એક મોટા સ્ટેશને આવીને ઊભી રહી. પપ્પા પણ જાગી ગયા હતા. તેમણે કહ્યું કે, અમદાવાદ આવી ગયું. ત્યાં તો વિવિધ વસ્તુઓ વેચનારા ફેરિયાઓના અવાજથી




વાતાવરણ ઘોંઘાટવાળું થઈ ગયું. 'ચાય ગરમ ચાય', 'ગરમા ગરમ ભજિયાં', 'પૂરી-શાક', 'ઠંડા પાણીની બૉટલ', 'વડાપાઉં... વડાપાઉં', 'કેળાં, ચીકુ, સફરજન' જેવા અવાજો સંભળાવા લાગ્યા. પપ્પાએ કહ્યું કે, ટ્રેન અહીં વીસ-પચીસ મિનિટ ઊભી રહેશે. પપ્પા પાણીની બૉટલ ભરવા નીચે ઊતર્યા. હું પણ તેમની સાથે નીચે ઊતરી.



પ્લેટફૉર્મ પર ખૂબ જ ભીડ હતી. મુસાફરો ફેરિયાઓ પાસેથી ખરીદી કરતા હતા. બીજી ઘણી બધી ટ્રેનો પણ ઊભી હતી. લાલ રંગના કપડાંવાળા માણસો સામાન ઉપાડીને દોડાદોડી કરતા હતા. માઈકમાં જરૂરી સૂચનાઓ આપવામાં આવતી હતી. કેટલાક મુસાફરો પોતાની ટ્રેનની રાહ જોઈને બેઠા હતા. મને તો આ બધું જોવાની ખૂબ જ મજા પડી ગઈ. અમે પણ ફેરિયા પાસેથી કેળાં અને ચીકુ લઈ ડબ્બામાં બેઠાં.



૦૩:૪૫

સમય થતાં ટ્રેન ઊપડી. અમે કેળાં અને ચીકુ ખાધા પછી હું ટોયલેટ જઈ આવી. હવે ઊંઘ આવતી ન હતી. મારી પાસે સાપસીડીની રમતનું બૉર્ડ અને રમવાનો પાસો હતો. મેં, હિમાક્ષે અને ફિયોનાએ થોડો સમય સાપસીડીની રમત રમી. એટલામાં નડિયાદ સ્ટેશન આવ્યું જ્યાં ફિયોનાને ઊતરવાનું હતું. ફિયોના અમને આવજો કહી ઊતરી ગઈ પછી હું અને હિમાક્ષ સૂઈ ગયાં.

- તમે ક્યારેય રાત્રિના સમયે રેલમાર્ગે કે સડકમાર્ગે મુસાફરી કરી છે ? તમે તે વખતે રસ્તામાં શું શું જોયું હતું તે વિગતે લખો.

- રિયાએ ચાલુ ટ્રેને અમદાવાદમાં શું શું જોયું તે લખો.

**શિક્ષક માટે :** રેલવે સ્ટેશન પરની સુવિધાઓ, એક પ્લેટફૉર્મ પરથી બીજા પ્લેટફૉર્મ પર જવાની વ્યવસ્થા તથા રાખવા જેવી જરૂરી સાવચેતી તેમજ માઈકમાં અપાતી સૂચનાઓ અંગે વિશેષ માહિતી આપવી.

- તમે મુસાફરી કરતી વખતે સ્ટેશન પરના ફેરિયાઓ પાસેથી ખરીદી કરી છે ? જો હા, તો તેની યાદી તૈયાર કરો.

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

- અમદાવાદના પ્લેટફોર્મ પર રિયાએ શું શું જોયું ?

- અમદાવાદના પ્લેટફોર્મ પર રિયાને કયા કયા અવાજો સાંભળવા મળ્યા ?

**શિક્ષક માટે :** બાળકોને વર્ગખંડમાં સાપસીડી, લુડો, અમદાવાદ જેવી રમતો રમાડવી.